# નવસારીમાં કોળી સમાજની મિલકતોનું ડેવલપમેન્ટ

નવસારીના કોળી પટેલ સમાજની નવસારીમાં ચાર મિલકતો છે. આ મિલકતો ત્રણ અલગ અલગ ટ્રસ્ટોના નામે છે. એ પૈકી એક ટ્રસ્ટ ટ્રાન્સવાલ કોળી હિતવર્ધક મંડળ ટ્રસ્ટ (સાઉથઆફ્રિકા)ના નામે એક મિલકત છે. એની સાઉથ આફ્રિકાની મેનેજમેન્ટ કમિટી એના વહીવટ માટે નવસારીમાં ત્યાંના સ્થાનિક લોકોની બનેલી ટ્રસ્ટીઓની એક કમિટીને સોંપેલ છે. આ ૩.૮૧ એકરની મિલકત કેટલાક કોર્ટકેસમાં સપડાયેલી છે અને મકાન સાવ બિસ્માર હાલતમાં છે.

હવે સાઉથ આફ્રિકાના ત્રીજી પેઢીના આ મંડળના કારભાર કરનારા કમિટી મેમ્બરો જેમ ભૌતિક રીતે નવસારીથી ખૂબ જ દૂર છે તેમ ભાવાત્મક રીતે પણ એટલા જ દૂર છે. લાગે છે કે તેઓ માત્ર છૂટકારો ઈચ્છે છે.

કેટલાંક વર્ષ પહેલાં આ મિલકત વેચી એના પૈસા સાઉથઆફ્રિકા ભેગા કરવાનો એમનો પ્રયાસ સમગ્ર દુનિયામાં રહેતા કોળી સમાજના વિરોધના કારણે નિષ્ફળ થયો હતો. તાજેતરમાં તા. ૨૯ સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ સાઉથઆફ્રિકામાં મળેલી સમાન્ય સભામાં એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો કે આ મિલકતનો પોણાભાગ કરતાં પણ વધુ ભાગ વેચી દેવો. એક ડેવલપરને આજની બજાર કિંમત કરતાં લગભગ અડધી કિંમતે જ વેચવાનું ઠરાવવામાં આવ્યું છે. બાકી રહેતા છેવાડાના પાછલા ભાગમાં તેઓ સમાજ માટે કંઈક કરવાની આશા રાખે છે! વેચાણની કાર્યવાહી આગળ ચાલી રહી હોવાનું સાંભળવા મળ્યું છે. લાગે છે કે ડેવલપર નાણાની ચુકવણી સાઉથઆફ્રિકામાં કરશે.

સાઉથઆફ્રિકાની આ કાર્યવાહી નવસારીના કોળી પટેલ સમાજ માટે તેમ જ દુનિયાભરના કોળી લોકો માટે કેટલાક મૂળભૂત પ્રશ્નો ઉપસ્થિત કરે છે.

(પહેલાં આપણે આ મિલકતોની પૂર્વભૂમિકા જોઈ લઈએ.)

આજનો નવસારી જીલ્લો વલસાડ જીલ્લાનો ભાગ છે અને તે પહેલાં એ બંને સુરત જીલ્લાના ભાગ હતા.

આસપાસનાં સેંકડો ગામો માટે નવસારી શહેર વેપારનું મુખ્ય મથક છે. બહુ મોટી સંખ્યામાં આપણા કોળી સમાજના લોકો ગામડાંઓમાં રહે છે, અને નોકરીધંધા, ખરીદી, દવાખાનાની જરૂરતો, પોતાનાં બાળકો માટે કોલેજનું શિક્ષણ વગેરે તથા અન્ય કેટલીયે જરૂરતો માટે નવસારી પર જ આધાર રાખે છે.

હવે જો કે કેટલીક પ્રાથમિક જરૂરિયાત લગભગ બધાં જ ગામોમાં ઉપલબ્ધ છે, પરંતુ પહેલાંના વખતમાં લોકો પુરેપૂરા શહેર પર જ નિર્ભર હતા, જેમ આજે પણ ખાસ પ્રકારની સેવા માટે આધાર રાખવો પડે છે.

સોથી પણ કંઈક વધુ વર્ષો પહેલાં તો આપણા કોળી પટેલ લોકોનો મુખ્ય ધંધો ખેતીકામ અને ઢોરઢાંખરનો જ હતો, આથી જ કોળી પટેલ કહેવાયા. આ વ્યવસાય બહુ મર્યાદિત હતો. આથી તે સમયના આપણા યુવકો શૈક્ષણિક લાયકાત ન હોવા છતાં દૂર દૂર નોકરીઓની શોધમાં જવા લાગ્યા. જ્યારે સાઉથઆફ્રિકા ઈમિગ્રાન્ટ માટે ખૂલ્યું ત્યારે આપણા કેટલાક લોકો ત્યાં ગયા અને સમય જતાં સ્થાયી થયા. આ વાત તો ઈ.સ. ૧૮૮૩ અને એ પછીની છે.

જો કે શરૂઆતમાં જનારા આ બધા મોટા ભાગે અભણ હતા, પરંતુ તેઓ અજ્ઞાન ન હતા. તેઓને તરત જ થયું કે શિક્ષણનો અભાવ આપણા લોકોને પછાત પાડે છે. આથી ટ્રાન્સવાલ કોળી હિતવર્ધક મંડળની સાઉથઆફ્રિકામાં

સ્થાપના કરીને આ દીર્ઘદ્દષ્ટાઓએ નવસારીનાં ગામડાંઓના પોતાના બાંધવોને શી રીતે મદદ કરવી તે વિચારવા લાગ્યા.

તેઓએ જે પહેલી મિલકત ખરીદી તેમાં ગામડાંના વિદ્યાર્થીઓ રહીને નવસારીમાં અભ્યાસ કરવા લાગ્યા. આ પછી તેઓએ બીજી ત્રણ મિલકતો ખરીદી.

નવસારી જીલ્લાના કોળી પટેલો પાસે એક સમાજ તરીકે નવસારીમાં ૪ મિલકતો છે. આ બધી જ મિલકતો આપણા પૂર્વજોએ ખરીદી છે જેઓ ૧૯મી સદીના અંતમાં અને ૨૦મી સદીના પહેલા અને બીજા પૂર્વાર્ધમાં સાઉથઆફ્રિકા ગયા હતા. તેમનો આશય તે સમયના નવસારી જીલ્લા (સુરત જીલ્લા)ના સાંસ્કૃતિક અને શૈક્ષણિક વિકાસ માટે મિલકતોનો ઉપયોગ કરવાનો હતો, જેથી સમાજ પોતાનું જીવનધોરણ અને સામાજિક સ્તર ઊંચું લાવી શકે.

**આ ચાર મિલકતો:**

| કોળી પટેલ આશ્રમ | નૂતન સોસાયટીવાળી જમીન | છાપરા રોડવાળી જમીન | ટ્રા.કો.હિ.મં.(સા.આ.) નવસારી |
|---|---|---|---|
| નકશામાં જગ્યા નં. ૪ | નકશામાં જગ્યા નં.૩ | નકશામાં જગ્યા નં. ૨ | નકશામાં જગ્યા નં. ૧ |
| ખરીદી: ૧૯૨૬ | ખરીદી: ૧૯૪૭ | ખરીદી: ૧૯૪૭ | ખરીદી: ૧૯૬૨ |
| નવું બાંધકામ: ૧૯૭૩ મુખ્યત્વે ઈંગ્લેન્ડ/પરદેશના દાન દ્વારા | ૪૪૦૮૪ ચો.ફૂટ સપાટ જગ્યા. કશા બાંધકામ વિનાની | ૨.૨૦ એકરમાં આંબાવાડી બાંધકામ વિનાની | ૩.૮૧ એકર બાંધકામ વિનાની. બંગલો લગભગ બિસ્માર હાલતમાં |
| | | | |
| **વ્યવસ્થા:** | | | |
| ટ્રસ્ટને હસ્તક: ન.વિ.કે.ટ્રસ્ટ | ન.વિ.કે.ટ્રસ્ટ | ટ્રસ્ટને હસ્તક:દ.ગુ.કો.કે.મં. | ટ્રસ્ટને હસ્તક: ટ્રા.કો.હિ.મં.(સા.આ.) |
| મોહનભાઈ વકીલ | મોહનભાઈ વકીલ, નવસારી નગરપાલિકાએ એના ૧૦ વર્ષીય વિકાસ પ્લાનમાં મુકી છે. | અમૃતભાઈ કોળીએ દ.ગુ.કો.કે.મં. માટે ન.વિ.કે.ટ્રસ્ટ પર દાવો માંડ્યો છે. | ઠાકોરભાઈ વલ્લભભાઈ પટેલ |
| **ખાતેદાર:** | | | |
| ન.વિ.કે.ટ્રસ્ટ | ન.વિ.કે.ટ્રસ્ટ | કુવરજી ગોપાળજી | ટ્રા.કો.હિ.મં.(સા.આ.) |
| | | | |

ન.વિ.કે. ટ્રસ્ટ – નવસારી વિભાગ કેળવણી ટ્રસ્ટ

દ.ગુ.કો.કે.મં. – દક્ષિણ ગુજરાત કોળી કેળવણી મંડળ

ટ્રા.કો.હિ.મં.(સા.આ.) – ટ્રાસ્વાલ કોળી હિતવર્ધક મંડળ (સાઉથઆફ્રિકા)

આ જગ્યા વેચીને ડેવલપ કરવાનો સાઉથઆફ્રિકાનો આ બીજો પ્રયાસ છે. આ જગ્યા પર તેઓ શું કરવા માગે છે તે નવસારીના સ્થાનિક લોકોને તેઓએ જણાવ્યું નથી. જો પ્રોપર્ટી ડેવલપર સાથે એ લોકો અહીં દુકાનો બાંધીને એ નાણાં ટ્રા.કો.હિ.મં. સાઉથઆફ્રિકાને સાઉથઆફ્રિકામાં આપવાના હોય તો મને લાગે છે કે એ આર્થિક અને સામાજિક બંને દૃષ્ટીએ અનૈતિક ગણાય.

આ મિલકતનો જે સોદો કરવામાં આવ્યો છે તે આજની બજાર કિંમત જોતાં બહુ જ સસ્તો છે. મિલકત વેચીને પૈસા સાઉથઆફ્રિકા લઈ જવા તે સ્થાનિક લોકોને અન્યાય છે, કેમ કે આ દાન તો ટ્રા.કો.હિ.મં. સાઉથ આફ્રિકાની મેનેજમેન્ટ કમિટીના ત્રીજી પેઢીના મેમ્બરોના બાપદાદઓએ આપ્યું છે. દુનિયાના કોઈ પણ ખૂણે એક વાર આપેલું દાન કોઈ પાછું લઈ લેતું નથી. પછી દાતાઓનાં પૌત્રો – પૌત્રીઓ(ગ્રાન્ડસન્સ-ગ્રાન્ડડોટર્સ)નો દાન પાછું માગવાનો તો સવાલ જ નથી.

હવે આપણે જરા એ જોઈએ કે કયા લોકોના લાભ માટે આ દાન આપવામાં આવ્યાં હતાં અને એ દાનનાં નાણાનું રોકાણ ક્યાં કરવામાં આવ્યું હતું અને કેવી રીતે ઉપયોગ થયો.

૮૦ વર્ષ પહેલાં ખરીદવામાં આવેલી મિલકતનો ઉપયોગ વિદ્યાર્થીઓના રહેવા માટે બહુ સારી રીતે થયો. આ જગ્યાએ નવું બાંધકામ ૧૯૭૩માં સમાજમાંથી મળેલા દાન વડે કરવામાં આવ્યું હતું. નવસારીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કેટલાંક વર્ષ એમાં રહીને ભણ્યા. સમય બદલાયો અને નવસારીમાં રહીને ભણનારાઓની સંખ્યા વાહન વ્યવહારની સુવિધા થતાં ઘટતી ને ઘટતી ગઈ. બીજા માળે વિદ્યાર્થીઓના રહેવા માટે ૧૨ રૂમ હતા. છેલ્લાં ૫૦ વર્ષમાં એનો ભાગ્યેજ (કે બહુ જ નજીવો) ઉપયોગ થયો. ત્રીજા માળ પરના ૧૨ રૂમ પરદેશ કે સ્થાનિક મહેમાનો માટે હતા. એમાં ૧૯૭૩થી ભાગ્યેજ કોઈ રહેવા આવ્યું હશે (સિવાય કે કોઈ રડ્યું-ખડ્યું). ચોથા માળ પરના કોમ્યુનિટી હૉલના નસીબમાં કોઈ લગ્ન સમારંભ કે નિયમિત કોઈ પ્રોગ્રામ જોવામાં આવ્યો નથી.

સારા નસીબે નીચેની જગ્યામાં એક બેન્ક અને બેએક નાની શોપના ભાડૂતો મળ્યા છે. એના ભાડાની થોડી આવક છે.

ઉપર જણાવ્યા તે ૨૪ રૂમોને ઑફીસમાં બદલવાની (જેથી સમાજને કંઈક આવક થાય) બધી જ વિનંતીઓ બહેરા કાને અથડાઈ.

બાકીની ત્રણ મિલકતો ૫૦ વર્ષ પહેલાં ખરીદાઈ હતી.

ટ્રા.કો.હિ.મં. નવસારીની મિલકત એક મોકાની જગ્યા છે. એમાં એક ભવ્ય બંગલો છે, જે હાલ વર્ષોવર્ષ બગડતો ગયો છે. આ જગ્યા હવે વેચવા પર છે.

બાકીની બે મિલકતો ખરીદી ત્યારે જે સ્થિતિમાં હતી તેમની તેમ છે.

સમગ્રતયા જોઈએ તો ચાર મિલકતોની ભેગી બજાર કિંમત ૩૦ કરોડ કે કદાચ એથી વધારે છે. એમ છતાં આપણને એમાંથી વરસ દહાડે ફક્ત ૩ લાખ મળે છે. આપણા સમાજના સ્થાનિક કારભાર કરનારાઓ માટે આ બહુ જ શરમજનક બાબત ગણાવી જોઈએ.

આવું કેમ થયું? અને આટલા લાંબા સમય સુધી એ કેમ ચાલતું રહ્યું?

મને લાગે છે: સમાજને દોરનારાઓનો અભાવ, યોગ્ય જાણકારીનો અભાવ, કુશળ યોજનાનો અભાવ, સમાજમાં સંપનો અભાવ, અને સમાજની બદલાતી જરૂરિયાતો સમજવામાં નિષ્ફળતા અને સંસ્થાઓની ખામીપૂર્ણ રચના અને જવાબદાર ઓથોરીટીનાં કાલગ્રસ્ત બંધારણ.

## આગળ વધવા શું કરવું

૧. સમાજનાં બધાં મંડળોને એકત્રિત કરીને ૨૧મી સદીને અનુરૂપ બંધારણ રજીસ્ટર કરાવો. શરૂઆતમાં જો આ મુશ્કેલ લાગે તો દરેક સંસ્થા માટે અલગ બંધારણ, મુખ્ય ભાર હોદ્દેદારની સમય મર્યાદા નક્કી કરવા પર રહે અને જેમાં મેનેજીંગ ટ્રસ્ટીનો પણ સમાવેશ કરવામાં આવે. (વધુમાં વધુ ૩ વર્ષ અને ૬૦થી વધુ ઉમ્મરના નહીં.) ૬૦ વર્ષથી વધુ ઉમ્મરની વ્યક્તિ સમાજની સેવા કરવા માગતી હોય તો તેને મતાધિકાર વિના માત્ર સલાહકાર તરીકે લેવી.

૨. એવી કાર્યપ્રણાલી નક્કી કરો જેમાં સમાજનું હિત અગ્રસ્થાને હોય. એનો નિર્ણય લેતી વખતે શૈક્ષણિક જરૂરિયાત, સમાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક જરૂરિયાતોને લક્ષમાં લેવી. (વિદ્યાર્થીઓને અસરકારક શિષ્યવૃત્તિઓ અને સમાજની અન્ય જરૂરિયાતો માટે એક સારો એવો હૉલ).

૩. સમાજના લાભ માટે એક જ સંસ્થાના આધિપત્ય હેઠળ કામ કરવાનું ધ્યેય રાખવું. (દક્ષિણ ગુજરાત કોળી કેળવણી મંડળને નવસારી કોળી પટેલ સમાજમાં ભાગ પડાવવાનો કોઈ અધિકાર નથી. ભાવનગર કે સુરતના લોકોએ પણ મિલકત ખરીદવામાં દાન આપ્યું છે એવો દાવો સાવ પાયાવિહોણો છે. આપણા પૂર્વજોએ જ્યારે દાન ઉઘરાવ્યું હશે ત્યારે એ વિસ્તારના લોકો પાસે દાનની માગણી કરી નહિ હોય, કેમ કે આપણા સ્વભાવમાં બીજા લોકો પાસે દાન માગવાનું છે જ નહિ. આપણી આજની જરૂરિયાત વખતે પણ આપણે જે નવસારી કોળી પટેલ સમાજના ગામના ન હોય તેમની પાસેથી દાનની માગણી કરતા નથી. આવા પાયા વગરના દાવાને સ્વીકારવાની ના પાડું છું.)

૪. સમજો કે આજની આપણી જરૂરિયાતો માટે ડેવલપમેન્ટ કરવા આપણને કરોડો રૂપિયા જોઈશે. આવા પ્રોજેક્ટ દાનના આધારે પાર પડી શકે નહિ.

૫. સમાજને નવસારીમાં ચારેચાર મિલકતોના વપરાશની જરૂર નથી. જો આપણે ડેવલપ કરવું હોય તો જરૂરી પૈસા ઊભા કરવા માટે ચાર પૈકી એક કે બે મિલકત વેચવાનું વિચારવું જોઈએ. વાંઝણી મિલકત પર બેસી રહેવાને કારણે તો આપણી આજની આ પછાત સ્થિતિ પેદા થઈ છે. (કલ્પના કરો કે જો ૧૦ કરોડ રૂપિયા એકાદ મિલકત વેચીને અલગ રાખ્યા હોત તો વર્ષોથી શૈક્ષણિક ક્ષેત્રે થયેલા લાભને કારણે આજે આપણો સમાજ ક્યાં હોત.)

૬. જો ડેવલપ કરવાનો નિર્ણય લેવામાં આવે તો ખ્યાલમાં રાખજો કે હવે સેવાભાવથી કામ કરનારાઓ પર બધું છોડી દેવાશે નહિ, પરંતુ ધંધાદારીઓને પગાર આપી રોકવા પડશે. એટલું જ નહિ એ પછી સંસ્થાઓનો વહીવટ પણ સેવાભાવીઓ પર છોડી શકાશે નહિ.

૭. મને વયક્તિગત રીતે લાગે છે કે આજના જે બધા ટ્રસ્ટીઓ છે એ કોઈ આ પ્રોજેક્ટ આગળ ધપાવી શકે તેમ નથી. આપણા સમાજમાંથી નવી યોગ્ય ગુણવત્તા ધરાવનારા પ્રતિબદ્ધ લીડરોની ટીમ પરિવર્તન માટે પસંદ કરવી, અને હાલના ટ્રસ્ટીઓને સલાહકાર તરીકે લેવા.

૮. આ સફળ ન થાય તો ૨ મિલકતો વેચીને એ પૈસા બેન્કમાં લાંબા ગાળાની ટર્મ ડિપોઝીટમાં સારું વ્યાજ આવે તે રીતે મુકવા અને ટ્રસ્ટીઓ એ ઉપાડી ન શકે એવું કરવું. એમાંથી બેન્કને દર વર્ષે નક્કી કરેલી રકમ ચાલુ ખાતામાં ટ્રાન્સફર કરવાનું કહી શકાય, જેમાંથી જે લાયક વિદ્યાર્થીઓએ માન્ય શાળા, કોલેજ કે યુનિવર્સિટીમાં પ્રપવેશ મેળવ્યો હોય તેમને અસરકારક શિષ્યવૃત્તિઓ આપવી.

**જયાં સુધી મને લાગેવળગે છે ત્યાં સુધી આ મિલકતો ડેવલપ કરવા પાછળનો એકમાત્ર ઉદ્દેશ નવસારી આસપાસનાં આપણા ગામડાંમાં રહેતાં લોકોને મદદગાર થવાનો, ઉચ્ચ શિક્ષણમાં ઝડપથી આગળ વધે અને ટકનિકલ સ્કિલ કેળવી સારા પગારની નોકરી મેળવી શકે તે છે.**

આ ઉપરાંત બીજાં ઘણાં કારણો અને જરૂરિયતો છે, પણ મને લાગે છે કે અત્યંત મહત્ત્વનું છે પોતાના પગ પર ઊભા રહેવાનું, જેથી સ્થાનિક લોકોને પોતાના સમાજની પ્રગતિ આગળ ધપાવવામાં આત્મવિશ્વાસ જાગે.

અંતે દરેક જણ ધ્યાનમાં લે કે બીજા કેટલાક રસ ધરાવનારા તથા પ્રોપર્ટી ડેવલપર અને નવસારી પાલિકા સુદ્ધાં આપણી અત્યંત જરૂરી મિલકત પર ડોળો રાખી રહી છે. જો આપણે કાળજી નહિ રાખીએ અને હાલના ટ્રસ્ટીઓ પર બધું છોડી દઈશું તો આપણે ગયા જ સમજજો.

કેશવલાલ જે પટેલ. *(ઊંડાણપૂર્વક વિચારેલાં આ મારાં વ્યક્તિગત મંતવ્યો છે.)*

હું ઈચ્છું કે બીજાં લોકો પણ નિર્ભયતાથી પોતાનાં મંતવ્યો જણાવશે.